મળ્યા તારીખ –: ૨૧.૦૭.૨૦૨૩
નોંધણી તારીખ –: ૨૧.૦૭.૨૦૨૩
ફેંસલ તારીખ –: ૦૬.૦૩.૨૦૨૬
અવધિ –: વર્ષ માસ દિવસ

**વંથલીના એડીશ્નલ સીનીયર સીવીલ જજ અને એડીશ્નલ ચીફ જયુડી.મેજી. સાહેબની કોર્ટ–મુ.વંથલી.**

**ફો.કેસ નં.૪૩૭/૨૦૨૩.**

**આંક–૪૫**

શ્રી સ ર કા ર ...... **ફરીયાદી**

**વિરૂધ્ધ.**

૦૧ ફારૂકભાઈ હાજીભાઈ કેવર
ઉ.વ.૨૫, ધંધો–મજુરી,
રહે. શાપુર ગામ, વડલી ચોક, તા.વંથલી.

૦૨ અલાયાભાઈ ઉર્ફે અલાયુ ગનીભાઈ કેવર
ઉ.વ.૭૫, ધંધો–મજુરી,
રહે. સાગોદરા, તા.તાલાળા, જી.ગીર સોમનાથ. ....**આરોપીઓ**

**તહોમત** :– આર્મ્સ એકટ કલમ–૨૫(૧–બી)(એ), ૨૯ મુજબ.

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

ધારાશાસ્ત્રી :– શ્રી સરકાર તરફે વિ. એ.પી.પી.શ્રી કે. બી. ટાંક.
આરોપી તરફે વિ. વ. શ્રી કે. એમ. વાણવી.

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

**-: ઠરાવ :-**

**(૦૧)** ફરીયાદ પક્ષનાં કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આરોપી નં.-૧ તા.૨૬/૦૩/૨૦૨૩ ના કલાક ૨૦-૧૫ વાગ્યે જાહેરમાં ગે. કા. હથીયાર આધાર પરવાના વગર દેશી હાથ બનાવટની જામગીરી બંદુક નંગ-૧ કિ. રૂા.૨,૦૦૦/- તથા નાના મોટા છરા નંગ-૩૨ કિ. રૂા.૦૦/- મળી કુલ કિ. રૂા.૨,૦૦૦/- ના મુદામાલ સાથે મળી આવી પકડાઈ જતા પુછપરછ દરમ્યાન પોતે આ હથીયાર આરોપી નં .-૨ પાસેથી લીધેલ હોવાનું જણાવતા આરોપી નં.-૨ ને અટક કરી પુછપરછ કરતા પોતે આ હથીયાર પોતાની હાથે બનાવી આરોપી નં.-૧ ને કિ. રૂા.૧,૦૦૦/- માં વેચાણથી આપેલ હોવાનું જણાવેલ.

**(૦૨)** વંથલી પોલીસ સ્ટેશન ગુના. રજી. નં.૧૧૨૦૩૦૬૮૨૩૦૧૩૪/૨૦૨૩ ગુનાની તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ આર્મ્સ એકટ કલમ-૨૫(૧)બી-એ, ૨૯ મુજબના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલું.

**(૦૩)** આ કામે આરોપીઓને સમન્સની બજવણી થતાં તેમના વિ. વ. શ્રી મારફતે કોર્ટ સમક્ષ હાજર થતાં ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ-૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે પૂરી પાડવામાં આવેલ.

**(૦૪)** ત્યારબાદ આરોપીઓ વિરૂધ્ધ આંક-૪ થી તહોમતનામું ફરમાવી આંક-૫ તથા આંક-૬ થી પ્લી નોંધતા, આરોપીઓએ ફરીયાદ પક્ષનાં કેસનો ઈન્કાર કરી ગુનો કબુલ નથી તેમ જણાવતાં, ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં

આવેલ છે.

(૦૫) ફરીયાદ પક્ષે નીચે મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

**મૌખીક પુરાવો :–**

| | | |
|---|---|---|
| ૦૧ | આંક–૦૯ | પંચ યુનુસભાઈ શરીફભાઈ સમાની જુબાની. |
| ૦૨ | આંક–૧૧ | પંચ સાહેદ અબ્દુલરજાક મહમદભાઈ બેલીમની જુબાની. |
| ૦૩ | આંક–૩૪ | ત.ક.અ. યશપાલસિંહ ભરતસિંહ રાણાની જુબાની. |
| ૦૪ | આંક–૩૯ | સાહેદ મુકેશભાઈ કલ્યાણભાઈ મકવાણાની જુબાની. |
| ૦૫ | આંક–૪૧ | ફરીયાદી રમેશભાઈ પાંચાભાઈ માલમની જુબાની. |
| ૦૬ | આંક–૪૩ | સાહેદ મહેન્દ્રભાઈ વાલાભાઈ કુવાડીયાની જુબાની. |

**દસ્તાવેજી પુરાવો :–**

| | | |
|---|---|---|
| ૦૧ | આંક–૧૦ | અટક તથા મુદામાલ કબજે લીધાનું પંચનામું. |
| ૦૨ | આંક–૩૫ | તપાસનો હુકમ. |
| ૦૩ | આંક–૩૬ ૩૭ | એફ. એસ. એલ. રવાનગી તથા એફ. એસ. એલ. રીપોર્ટ. |
| ૦૪ | આંક–૪૨ | અસલ ફરીયાદ. |

(૦૬) ત્યારબાદ ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ હેઠળ આરોપીઓનું વિશેષ નિવેદન લેવામાં આવતા તેઓએ તમામ હકીકતનો ઈન્કાર કરેલો છે અને આરોપી સામે ખોટી ફરીયાદ કરેલ હોવાનું જણાવેલ છે.

**(૦૭)** ત્યારબાદ આ કામે ફરીયાદ પક્ષ તરફે, વિ.એ.પી.પી.શ્રી કે.બી.ટાંકની દલીલ તથા આરોપીઓ તરફે વિ. વકીલશ્રી કે. એમ. વાણવીની દલીલો સાંભળવામાં આવી.

**(૦૮)** ઉપરોકત હકીકતે આ કેસનાં નિર્ણય માટે નીચેનાં મુદાઓ ઉપસ્થિત થયેલ છે.

**–: <u>મુ દા ઓ :–</u>**

૦૧ શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે સાબીત કરે છે કે, આરોપી નં.–૧ તા.૨૬/૦૩/૨૦૨૩ ના કલાક ૨૦–૧૫ વાગ્યે જાહેરમાં ગે. કા. હથીયાર આધાર પરવાના વગર દેશી હાથ બનાવટની જામગીરી બંદુક નંગ–૧ કિ. રૂા.૨,૦૦૦/– તથા નાના મોટા છરા નંગ–૩૨ કિ. રૂા.૦૦/– મળી કુલ કિ. રૂા.૨,૦૦૦/– ના મુદામાલ સાથે મળી આવી પકડાઈ જતા પુછપરછ દરમ્યાન પોતે આ હથીયાર આરોપી નં.–૨ પાસેથી લીધેલ હોવાનું જણાવતા આરોપી નં.–૨ ને અટક કરી પુછપરછ કરતા પોતે આ હથીયાર પોતાની હાથે બનાવી આરોપી નં.–૧ ને કિ. રૂા.૧,૦૦૦/– માં વેચાણથી આપેલ હોવાનું જણાવી આર્મ્સ એકટ કલમ–૨૫ (૧)બી–એ, ૨૯ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૦૨ શું હુકમ ?

**(૦૯)** ઉપરોકત ઉપસ્થિત થયેલ તમામ મુદાઓનાં કારણો સહીતનાં નિર્ણયો નીચે મુજબ છે.

૦૧ ''નકારમાં''

૦૨ આખરી હુકમ મુજબ.

## –: કારણો :–

**મુદ્દા નંબર ૧ :–**

**(૧૦)** ફરીયાદી પક્ષે આરોપી સામે આર્મ્સ એકટ કલમ–૨૫(૧)બી–એ, ૨૯ મુજબનું તહોમત મુકેલ છે. ક્રિમીનલ જયુરીસ્પ્રુડનટના સિધ્ધાંત મુજબ ફરીયાદ પુરવાર કરવાનો સદંતર બોજો ફરીયાદ પક્ષનો હોય છે. ફરીયાદ પક્ષના કેસમાં પડેલ પુરાવાનું વિશ્લેષણ કરતા પહેલા નિર્વિવાદીત હકીકતો ધ્યાને લેવી જરૂરી છે. જે નીચે મુજબ છે.

**નિર્વિવાદીત હકીકતો :–**

(૧) આરોપી નં.–૨ નાં કબજામાંથી કોઈ બંદુક મળી આવેલ નથી.

(૨) આરોપીનું મળી આવેલ બંદુક ઉપર કંટ્રોલ/નિયંત્રણ હતું તે બતાવવા ફરીયાદ પક્ષે કોઈ પુરાવો રજુ રાખેલ નથી.

(૩) પંચો ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા નથી.

(૪) આરોપી નં.–૧ ની પોલીસ રૂબરૂની કબુલાતના આધારે આરોપી નં.–૨ સામે ગુનો દાખલ થયેલ છે. કોઈ એકસ્ટ્રા જયુડી. કન્ફેશન છે નહી.

ઉપરોકત નિર્વિવાદીત હકીકતો ધ્યાને લઈને કેસમાં પડેલ પુરાવાનું વિશ્લેષણ કરવું ન્યાયોચીત છે.

હવે આરોપી સામે આર્મ્સ એકટ કલમ–૨૫(૧–બી)(એ) મુજબનું તહોમત છે તેથી સવ પ્રથમ તે કલમોનો ઉલ્લેખ કરવો જરૂરી છે જે નીચે મુજબ છે.

**Sec. 25 : - Punishment for certain offences.**

**(1) Whoever-**

**(a) xxxxx**

**(b) xxxxx**

**(c) xxxxx**

**(d) xxxxx**

**[1-A]xxxxx**

**[1-AA]xxxxx**

**[1-AAA]xxxxx**

**(1-B) Whoever -**

**(a) acquires, has in his possession or carries any firearm or ammunition in contravention of Section 3; or**

**(b) xxxxx**

**(c) xxxxx**

**(d) xxxxx**

**(e) xxxxx**

**(f) xxxxx**

**(g) xxxxx**

**(h) xxxxx**

**(i) xxxxx**

**shall be punishable with imprisment for a term which shall not be less than 1 year but which may extend to 3 years and shall also be liable to fine**

**Provided that the court may for adequate and special reasons to be recorded in the judgment impose a sentence of imprisonment for a term of less than 1 year.**

**[1-C] xxxxx**

**(૧૧)** આમ, આર્મ્સ એકટ કલમ–૨૫(૧–બી)(એ) મુજબ આરોપીના કબજામાં બંદુક હોવી જોઈએ અથવા આરોપીએ તે બંદુક કયાંકથી મેળવેલી હોવી

જોઈએ. ઉપરોકત કલમના ઘટકો ફરીયાદ પક્ષે પુરવાર કરવાનાં રહે પણ હાલના કેસમાં આંક–૪૨ ની ફરીયાદ મુજબ આરોપી નં.–૨ ના કબજામાંથી કોઈ બંદુક મળી આવેલ નથી.

હવે કલમ–૨૯ ધ્યાને લઈએ તો નીચે મુજબ છે.

**Sec. 29 :- Punishment for knowingly purchasing arms, etc., from unlicensed person or for delivering arms, etc., to person not entitled to possess the same - Whoever -**

**(a) purchase any fire-arms or any other arms or such class or description as may be prescribed or any ammunition from any other person knowing that such other person is not licensed or authorised under Section 5; or**

**(b) delivers any arms or ammunation into the possession of another person without previously ascertaining that such other person is entitled by virtue of this Act or any other law for the time being in force to have, and is not prohibited by this Act or such other law from having, in his possession the same.**

**shall be punishable with imprisonment for a term which may extend to [three years or with fine or with both.]**

**(૧૧.૧)** આમ, કલમ–૨૯ મુજબ આરોપીએ બંદુક સહ આરોપીને આપેલી હોવી જોઈએ. હાલના કેસમાં બંદુક હાલના આરોપીએ સહ આરોપી એટલે કે, બનાવના સ્થળે પકડેલ આરોપીને આપેલ હતી તે બતાવવા ફરીયાદ પક્ષે કોઈ પુરાવો રજુ રાખેલ નથી. સહ આરોપી ફારૂકભાઈ હાજીભાઈ કેવર જેમના કબજામાંથી બંદુક મળેલી હતી તે ફારૂકભાઈ હાજીભાઈ કેવરના અટકના પંચો પંચનામામાં સમર્થન કરતા નથી.

**(૧૧.૨)** હવે આરોપી સામે આર્મ્સ એકટ કલમ–૨૫(૧–બી)(એ) નો ગુનો બને છે કે કેમ તે લગત **નામદાર સુપ્રિમ કોર્ટનો Gunwantlal Versus State Of**

**Madhya Pradesh (1972 (0) AIJEL-SC 10115)** નો ચુકાદો ધ્યાને લેવો જરૂરી બને છે. જેમાં **નામદાર સુપ્રિમ કોર્ટે પેરા–૫** માં નીચે મુજબ અવલોકન કરેલ છે.

**5. What is meant by possession in the context of this section- Is it that the person charged should beshown to be in physical possession or is it sufficient for the purposes of that provision that he hasconstructive possession any firearm or ammunition in contravention of Section 3 which prohibits him tobe in such possession without a licence. It may be mentioned that under Section 19 of the Arms Act of1878, an offence corresponding to Section 25 (1) (a) is committed if a person had in his or under hiscontrol any arms or ammunition in contravention of Sections 14 and 15 of that Act. The word 'control'under Section 25 (1) (a) has been omitted. Does this deletion amount to the legislature confining theoffence only to the case of a person who has physical possession or does it mean that a person will beconsidered to be in possession of a firearm over which he has constructive possession or over which heexercises the power to obtain possession thereof when he so intends- If the meaning to be given to theword "possession" is that it should be a physical possession only, then certainly the charge as framed onthe facts of the prosecution case will not be sustainable but if the meaning to be given to the word"possession" is wider than that of actual or physical possession then it is possible, if the evidenceproduced by the prosecution is such as would sustain a finding, that he had constructive possession on17.9.1966 when he handed it over to Miroo and Miroo handed it over to Chhaganlal because if it was notseized from Chhaganlal, the appellant could have at any time got back the physical possession of therevolver through Miroo. The possession of a firearm under the Arms Act in our view must have, firstly theelement of consciousness or knowledge of that possession in the person charged with such offence andsecondly where he has not the actual physical possession, he has none-the-less a power or control overthat weapon so that his possession thereon continues despite physical possession being in someoneelse. If this were not so, then an owner of a house who leaves an unlicensed gun in that house but is notpresent when it was recovered by the police can plead that he was not in possession of it even**

**though hehad himself consciously kept it there when he went out. Similarly, if he goes out of the house during theday and in the meantime someone conceals a pistol in his house and during his absence, the policearrives and discovers the pistol, he cannot be charged with the offence unless it can be shown that he hadknowledge of the weapon being placed in his house. And yet again if a gun or firearm is given to hisservant in the house to clean it, though the physical possession is with him nonetheless possession of itwill be that of the owner. The concept of possession is not easy to comprehend as writers ofJurisprudence have had occasions to point out. In some cases under Section 19 (1) (f) of the Arms Act,1878 it has been held that the word "possession" means exclusive possession and the word "control"means effective control but this does not solve the problem. As we said earlier, the first pre-condition for an offence under Section 25 (1) (a) is the element of intention, consciousness or knowledge with which aperson possession the firearm before it can be said to constitute an offence and secondly possession butcan be constructive, having power and control over the gun, while the person to whom, physicalpossession is given holds it subject to that power and control. In any disputed question of possession,specific facts admitted or proved will alone establish the existence of the de facto relation of control orthe dominion of the person over it necessary to determine whether that person was or was not inpossession of the thing in question. In this view it is difficult at this stage to postulate as to what theevidence will be and we do not therefore venture to speculate thereon. In the view we have taken, if thepossession of the appellant includes the constructive possession of the firearm in question then eventhough he had parted with physical possession on the date when it was recovered, he will nonetheless bedeemed to be in possession of that firearm. If so, the charge that he was in possession of the revolver on17.9.1966 does not suffer from any defect particularly when he is definitely informed in that charge thathe had control over that revolver. It is also apparent that the words 'on or before' were intended to bringhome to the accused that he was not only in constructive possession of it on 17.9.1966 but that he was inactual physical possession of it prior to that date when he gave it to Miroo. It is submitted, however, thatthe words 'on or before' might cause**

**embarrassment and prejudice to the defence of the accusedbecause he will not be in a position to know what the prosecution actually intends to allege. From areference of Form XXVIII of Schedule 5 of the Code of Criminal Procedure, the mode of charging a personis that he 'on or about'....did the act complained of. In view or the forms of the charge given in theSchedule to the Code, we think that it would be fair to the appellant if the charge is amended to read 'on orabout' instead of 'on or before' which we accordingly order.**

**(૧૧.૩)** આમ, નામદાર સુપ્રિમ કોર્ટે ઉપરોકત કરેલ અવલોકન મુજબ આરોપીનું બંદુક ઉપર કંટ્રોલ / નિયંત્રણ હોવું જોઈએ અને હવે આરોપી નં.–૨ નાં કબજામાંથી જયારે કોઈ બંદુક મળેલ નથી ત્યારે તે બંદુક ઉપર હાલના આરોપી નં. – ૨ નું કોઈ નિયં ત્રણ હતું કે કેમ તે તપાસવાનું રહે. ફરીયાદ પક્ષે તપાસ કરનાર યશપાલસિંહ ભરતસિંહ રાણાને આંક–૩૪ થી તપાસેલા છે તેમનો પુરાવો નીચે મુજબ છે.

**(૧૧.૪)** તા.૧૯/૭/૨૩ ના અરશામા અમે વંથલી પો.સ્ટે.મા ફરજ બજાવતા હતા તે દરમ્યાન વંથલી પોલીસ સ્ટેશન ગુના રજી નં.૧૩૪/૨૦૨૩, આર્મ્સ એકટ ક.૨૫(૧બી)એ તથા ૨૯ મુજબની તપાસ અમાને અમારા પુર્વાગામી અધી.શ્રી. એમ. કે. મકવાણા તરફથી મળેલ હતી તે તપાસના કાગળોનો અભ્યાસ કરતા તેઓ આ ગુન્હાની તપાસના કામે તેઓને પી.એસ.ઓ. તરફથી તપાસ સોંપતા તેઓએ આરોપીને અટક કરેલ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ, જરૂરી જણાતા પંચનામાં કરેલ, હથીયાર બંધી અંગેનું જાહેર નામું મેળવેલ ત્યારબાદ અમોએ તપાસના કામે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલ. ડેપ્યુટ હુકમ રજુ અં ાક–૩૫, એફ.એસ.એલ. રવાનગી રજુ આંક–૩૬, એફ. એસ. એલ. રીપોર્ટ આંક–૩૭.

આરોપીઓને જોઈને ઓળખું છું. નામદાર કોર્ટમાં હાજર નથી ઓળખ અં ગે તકરાર નથી.

**(૧૧.૫)** હવે ત.ક.અ.ની જુબાની ધ્યાને લઈએ તો આરોપી નં.–૨ નું કહેવાતી

જામગરી ઉપર નિયંત્રણ હતું તે ફલીત થતું નથી. આમ, જયારે આરોપી નં.–ર નાં કબજામાંથી કોઈ જામગરી બંદુક મળી આવેલ ન હોય કે બંદુક પર આરોપી નં.–ર નું નિયંત્રણ હતું તે પણ પુરાવામાં વિદીત થતું ન હોય ત્યારે આરોપી નં.–ર સામે આર્મ્સ એકટની કલમ–રપ(૧)બી–એ મુજબનો ગુન્હો પુરવાર માની શકાય નહી. હવે આરોપી નં.–ર એ હાલની જામગરી આરોપી નં.–૧ ને વેચાણ આપેલ હતી તેવું બતાવવા પણ ફરીયાદ પક્ષે કોઈ પુરાવો રજુ રાખેલ નથી. ત.ક.અ. ના આંક–૩૪ નાં પુરાવામાં આરોપી નં.–ર એ જામગરી બંદુક આરોપી નં.–૧ ને વેચાણ આપેલ હતી તેવું વિદીત થતું નથી. તેથી, આરોપી નં.–ર સામે આર્મ્સ એકટની કલમ–ર૯ મુજબનો ગુન્હો પણ પુરવાર માની શકાય નહી.

ફરીયાદ પક્ષે બીજા ત.ક.અ. મુકેશભાઈ મકવાણાને આંક–૩૯ થી તપાસેલ છે. તેમના પુરાવામાં પણ આરોપી નં.–ર એ જામગરી બંદુક આરોપી નં.–૧ ને વેચાણ આપેલ હતી તેવું ફલીત થતું નથી. વધુ આરોપી નં.–ર નું નિયંત્રણ જામગરી બંદુક પર હતું તેવું પણ આ ત.ક.અ.ના પુરાવામાં ફલીત થતું નથી. તેથી આરોપી નં .–ર સામે આર્મ્સ એકટની કલમ–રપ(૧)બી–એ તથા ર૯ મુજબનો ગુન્હો પુરવાર માની શકાય નહી.

હવે બન્ને ત.ક.અ ના આંક–૩૯ તથા આંક–૩૪ ના પુરાવામાં ત.ક.અ. એ પ્રોસીકયુશન માટે સેન્કશન મેળવેલ હોય તેવું વિદીત થતું નથી. તેથી હાલના તબકકે આર્મ્સ એકટ૧૯પ૯ ની કલમ–૩૯ ટાકવી જરૂરી છે. જે નીચે મુજબ છે.

**Section - 39 :- Previous sanction of the District Magistrate necessary in certain cases**

**No prosecutin shall be instituted against any person in respect of any offence under section 3 without the previous sanction of the District Magistrate.**

આમ, જયારે પ્રોસીકયુશન અંગે આર્મ્સ એકટ ૧૯૫૯ ની કલમ–૩૯ મુજબ ડિસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટની કોઈ સેન્કશન મેળવેલ ન હોય ત્યારે ફરીયાદ પક્ષનાં કેસને સદર કલમનો બાધ નડતો હોય બન્ને આરોપી સામેનો ગુન્હો પુરવાર માની શકાય નહી.

**(૧૨)** ફરીયાદ પક્ષે ફરીયાદી રમેશભાઈ પાંચાભાઈ માલમને આંક–૭૧ તથા રેઈડમાં હાજર પોલીસ સાહેદ મહેન્દ્ર વાલાભાઈ કુવાડીયાને આંક–૭૩ થી તપાસેલા છે. આ બન્ને સાહેદોનો પુરાવો ઘ્યાને લેતાં બનાવવાળી જગ્યા વાડી વિસ્તાર છે તેમજ રેલ્વે બ્રીજ પાસે એસ. ટી. પીકઅપ સ્ટેન્ઠ છે. આમ, જયારે વિસ્તાર વાડીવાળો હોય ત્યારે સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ છે પણ હાલના કેસમાં પંચ સિવાય તમામ પોલીસ સાહેદો છે અને આંક–૯ તથા આંક–૧૧ થી તપાસેલ પંચો આરોપી નં.–૧ ના કબજામાંથી જામગરી બંદુક મળી આવેલ હોય તે હકીકતને સમર્થન કરતા નથી. તેથી સ્વતંત્ર સાહેદના અભાવના કારણોસર આરોપી નં.–૧ સામે આર્મ્સ એકટની કલમ–૨૫(૧) બી–એ પુરવાર માની શકાય નહી. વધુ આરોપી નં.–૧ સામે પ્રોસીકયુશન માટે આર્મ્સ એકટ ૧૯૫૯ ની કલમ–૩૯ મુજબ પણ સેન્કશન ફરીયાદ

પક્ષે મેળવેલ નથી. તેથી સેન્કશનના અભાવના કારણોસર પણ આરોપી નં.–૧ સામે ગુન્હો પુરવાર માની શકાય નહી. વધુ ફરીયાદ પક્ષે તપાસેલ પોલીસ સાહેદના પુરાવામાં મળેલ જામગરી બંદુક પર આરોપી નં.–૧ નું નિયંત્રણ હતું અને તેથી બંદુક આરોપી નં.–૧ એ આરોપી નં.–૨ પાસેથી વેચાણ રાખેલ હતી તે બતાવવા ફરીયાદ પક્ષે કોઈ પુરાવો રજુ રાખેલ નથી. તેથી, માત્ર કબજો પુરવાર માનીએ તો પણ મળેલ જામગરી ઉપર આરોપી નં.–૧ નું નિયંત્રણ ના પુરાવાના અભાવના કારણોસર આરોપી નં.–૧ સામે સદર ગુન્હો **Hon'ble SC દવારા Gunwantlal Versus State Of Madhya Pradesh (1972 (0) AIJEL-SC 10115)** ના કેસમાં કરેલ અવલોકન મુજબ પુરવાર માની શકાય નહી. આમ, રેકર્ડ પર પડેલ પુરાવામાં પ્રોસીકયુશન અંગે આર્મ્સ એકટ ૧૯૫૯ ની કલમ–૩૯ મુજબ સેન્કશન રજુ રાખેલ ન હોય ત્યારે તેમજ આરોપી નં.–૨ એ આરોપી નં.–૧ ને જામગરી બંદુક વેચાણ આપેલ હોય તે બતાવવા ફરીયાદ પક્ષે કોઈ પુરાવો રજુ રાખેલ ન હોય ત્યારે તેમજ કોઈ સ્વતંત્ર સાહેદનો પુરાવો ન હોય અને પંચ આરોપી નં.–૧ ના કબજામાંથી જામગરી બંદુક મળી આવેલ હોય તેવી હકીકતને સમર્થન આપતા ન હોય ત્યારે આર્મ્સ એકટની કલમ–૩૯ તથા **Hon'ble SC ના Gunwantlal Versus State Of Madhya Pradesh (1972 (0) AIJEL-SC 10115)** ના ચુકાદામાં કરેલ અવલોકન મુજબ આરોપીઓ સામે આર્મ્સ એકટની કલમ–૨૫(૧)બી–એ, ૨૯ મુજબનો ગુનો પુરવાર માની શકાય નહી. તેથી મુદા નં.–૧ નો જવાબ નકારમાં આપી મુદા નં.અર અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં

આવે છે.

## –:: **આખરી હુકમ** ::–

**(૧)** હાલનાં આરોપી (૧) ફારૂકભાઈ હાજીભાઈ કેવર તથા (૨) અલાચાભાઈ ઉર્ફે અલાયુ ગનીભાઈ કેવરનાઓને ક્રિ. પ્રો. કોડની કલમ–૨૪૮(૧) અન્વયે આર્મ્સ એકટ કલમ–૨૫(૧–બી)(એ), ૨૯ મુજબના શિક્ષાપાત્ર ગુન્હાના તહોમતમાંથી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** મુદામાલ અપીલ સમય બાદ જુનાગઢ શસ્ત્રાગર કચેરીને સોંપવા માટે યાદી કરવી.

**(૩)** હાલના આરોપીઓએ ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(ક) મુજબ અપીલ સમય સુધીના રૂા. ૧૦,૦૦૦/– અંકે રૂપીયા દશ હજાર પુરાાના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ તારીખ: ૬ ઠી માહે–માર્ચ સને–૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કર્યો.

વંથલી.

તા.૦૬/૦૩/૨૦૨૬.

**(એલ. આઈ. ઈંગલે)**
એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ, વંથલી.
(જજ કોડ નં.જીજે–૦૧૩૭૨)